શુભ દિપાવલી
3/-
શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન
# ખબર પત્રિકા
પાના ૧૬
વર્ષ-૬ • અંક - ૨૩૦ • સળંગ અંક - ૨૨૩૦ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે
સૂર્યોદય ૦૬.૩૫.૨૫
સંવત-૨૦૮૧
આસો વદ-૩૦, સોમવાર
તા. ૨૦-૧૦-૨૦૨૫
સૂર્યાસ્ત ૦૬.૧૧.૩૮
દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**શેરડી**ના **અ.સૌ. હેમલતાબેન હરિયા** (ઉ.વ. ૬૭) હાર્ટ એટેકથી તા. ૧૮-૧૦-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મક્કાબાઈ કાનજી ધરમશીના પુત્રવધુ. દિનેશભાઈના પત્ની. મોનિકા, નયનના મમ્મી. રિદ્ધિ, કોટડા (રો)ના પારસના સાસુ. હીદયના દાદી. ધિઆનના નાની. શાંતિલાલ, દિલીપ, દેવપુરના ભાનુ રમેશ, ભોજાયના ગુલાબબેન લક્ષ્મીચંદ, કોટડા (રો.) લક્ષ્મી ખુશાલ, માપર આરતી અતુલના ભાભી. સ્વ મણિબેનના દેરાણી. જયશ્રીના જેઠાણી. વિપુલ, મિત્તલ, દીપેન, પીયુષના કાકી. દિલીપ, જયશ્રી, રેખા, મીના, લલિત, હેમાલી, મૌસમી, તેજસ, વૈભવના મામી. માપરના રતનબેન ભવાનજી ગેલા ગડાના સુપુત્રી. દેઢિયાના ભચીબાઈ દેવજી પુંજાના પુત્રીતુલ્ય દોહિત્રી. માપરના વસંત, કેતન, ચેતન, ગઢશીશાના કુંજલતા ડુંગરશી, રામાણીયાના ટીના કીર્તિના બેન. હેમલતા, મીતાના નણંદ. હીના, પ્રિયા, જીયાના ફુઈ. દેવેન, ડોલર, ચાર્મી, જીતના માસી. કોટડા (રો.) ના કસ્તુરબેન વલ્લભજી, બાબરાના ઈલાબેન કિશોરના વેવાણ. અવની, શ્રેયાના માસી સાસુ. ચિરાગ, જતીનના ફુઈ સાસુ. નિલેશ, કવિતાના કાકી સાસુ. મહેશ, ગીરીશ, મયુર, ફાલ્ગુની, બીના, વિપુલ, કિરણ, માનસીના મામી સાસુ. **પ્રાર્થના રાખેલ નથી.** સરનામું : દિનેશ હરિયા, ૧૨, શર્મિલા એ વિંગ, મંદાકિની સીએચએસ, મોડલ ટાઉન, મુલુંડ (વે), મું.૮૦. દિનેશભાઈ-૯૯૬૭૭૧૦૬૧૯, નયનભાઈ-૯૮૭૦૮૦૩૫૪૭.

4/1/1 --------- (1-1)




**નવીનાર**ના **દમયંતી જયંતિલાલ વોરા** (ઉંમર વર્ષ ૭૦) તા. ૧૭-૧૦-૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન ધારશી ટોકરશી વોરાના પુત્રવધુ. સ્વ. જયંતિલાલના ધર્મપત્ની. સ્વ. જીતેન્દ્ર, ટુંડા રૂક્ષમણીબેન પોપટલાલ ગંગર, કોડાય નિર્મળાબેન વશનજી લાપસીયાના ભાભી. સ્વ. વનીતાના જેઠાણી. અંકુર, કપાયા અવની અમીત નવિનચંદ્ર દેઢીયાના કાકી. કૃતિકાના કા. સાસુ. ભરત, પરેશ, રીટા, પલ્લવી, સ્વ. હિતેન, સ્વ. ચેતન તથા કપીલાના મામી. નાના ભાડિયા રતનશી વરજાંગ મારુના દીકરી. સ્વ. ગુલાબ, ગુંદાલા પ્રભા ભરત સત્રા, મોટા આસંબિયા વાસંતી જીતેન્દ્ર છેડા, જીતેન્દ્ર, વિમલના બેન. અંજુ, હેમાના નણંદ. સ્વ. રવજી (મગન) વરજાંગના ભત્રીજી. કાંડાગરા મેગબાઈ વીરજીના દોહિત્રી. નેમજી, અરવિંદ, સ્વ. ભરત, કીર્તી, ગોધરા રંજન કાનજી, બિદડા વસુંધરા હંસરાજ, રામાણીયા કંચન નવિન, રાયણ ભારતી રમેશ, પત્રી વનિતા પ્રકાશના કાકાઈ બેન. સ્વ. જ્યોત્સના અને સ્વ. શોભાના કાકાણ નણંદ. વડાલા ચાર્મી પંકજ કેનિયા, ભીંસરા જીલ હર્ષ ગડા, બ્રિજેશના માસી. નિકિતાના માસી સાસુ. મેહલ, સપના, કેવલ, ભૂમિકા, પારસના ફુઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિવાસ સ્થાન : જીતેન્દ્ર મારૂ, લક્ષ્મી સી.એચ.એસ, બી- ૪૦૩, કલ્પતરૂની બાજુમાં, ઉમરગામ (પશ્ચિમ), પિન-૩૯૬૧૬૫. જીતેન્દ્ર મારૂ-૯૬૦૧૮૬૬૬૭૫.

4/1/1 --------- (1-2)



**બિદડા** (હાલે કેન્સાસ U.S.A) ના **અ.સૌ. સરોજ રતીલાલ સંગોઈ (ફુરીયા)** (ઉ.વ. ૭૨) તા. ૧૪-૧૦-૨૫ના ટૂંકી માંદગીથી અવસાન પામેલ છે. રતીલાલના પત્ની. સ્વ. સોનબાઈ ખીમજી લધાના પુત્રવધૂ. આનંદ, અંકુરના માતા. ડેનિશ, સોનલના સાસુ. જેડન, આશા, દિવ્યા, અનિશ, કેવલના દાદીમા. સ્વ. હરખચંદ, ત્રગડીના સ્વ. ભારતી જયંતીલાલ, નવાવાસના સુશીલા ખુશાલના ભાભી. સ્વ. નિર્મળાના જેઠાણી. બીના, એકતા, કવિતા, ઉર્વી, હર્ષિલના કાકી. દીપેશ, અમીત, પ્રિતેશ, પ્રિયંકાના કાકી સાસુ. ભાવના, ફાલ્ગુની, મનિષ, અમર, અમીતના મામી. રમેશ, નિતેશ, અમી, મેલીશા, ગંગાના મામી સાસુ. ડોણ ના બુદ્ધિબાઈ નરશીના ભત્રીજા વહુ. બીદડાના ઉમરબાઈ કુંવરજી પાસુના દોહીત્ર વહુ. લુણીના સ્વ. ભાનુમતી તલકશી ગલિયાના પુત્રી. સ્વ. રસીલા ઠાકુર, લાખાપર ના નિશા દિલીપ, બેરાજાના ડો. અલ્પા પરેશ, મો. આસંબીયાના નીના યોગેશ, દીપકના બેન. ટેરીસીતાના નણંદ. નેન્સી બોબ ઝેન્ગર, ઈંદોરના સુમનબેન દિલીપભાઈના વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. રાજ સંગોઈ, 11205W. 115th Terrace, Overland Park, (USA) KS66210. Mo. (913)-220-9310.

4/1/1 --------- (1-3)



**નાની તુંબડી**ના **માતુશ્રી મણીબેન કાનજી સંગોઈ** (ઉ. વ.૧૦૦) શનિવાર તા.૧૮-૧૦-૨૫, ધનતેરસના અરિહંત શરણ પામેલ છે. પરમાબેન ધારશી શવરાજના પુત્રવધુ. કાનજી ધારશીના પત્ની. સ્વ. આરતી (વિમળા), રમીલા, સ્વ. કિશોરના માતુશ્રી. કુડાળના કેશવ પરબ, દેશલપુર (કંઠી) દિલીપ સાવલા, હંસાના સાસુ. ચુનડી દેવશી ભીમાના પૌત્રી. ગંગાબાઈ ખેતશી ગાલાના સુપુત્રી. સ્વ. સુરજી (વેલજી) રાયણ મંજુલા શાંતિલાલના બેન. પુનડી વેજબાઈ તેજશી પૂંજાના દોહીત્રી. તુંબડી ભાણબાઈ પ્રેમજી, મેઘબાઈ પુનશી, લક્ષ્મીબેન હીરજીના દેરાણી, કસ્તુરબેન ચનાભાઈ, લક્ષ્મીબેન નાનજીના જેઠાણી. લાછબાઈ કેશવજી, લીલબાઈ મોરારજી, રામાણીયા મેઘબાઈ લખમશીના ભાભી. જીગ્નેશ, ચેતનના દાદી. ઉદય, સ્મિતા (સોની), દિપન, મંજલ રેલડીયા મિત્તલ વિપુલના નાની. રશ્મિ, મીનલના દાદી સાસુ. મનિષા, અવંતિના નાની સાસુ. યશ, ક્રિશા, હીયાના મોટા દાદી. ચૈતન્ય, દીરા, આરવના મોટા નાની. કુડાળના રામચંદ્ર પરબ, દેશલપુર અમૃતબેન કાનજી, ગુંદાલા કસ્તુરબેન પ્રેમજીના વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** ૧૨ નવકાર ગણવા. ફોન આવકાર્ય. નિ.હંસા કિશોર સંગોઈ. ૩૦૪ સાઈ એવેન્યુ, નવઘર રોડ, મુલુંડ (ઈ.) મું. ૮૧. હંસા-૮૧૬૯૫૫૪૭૩૯. રમીલા-૯૯૩૦૮૦૮૬૭૫, જીગ્નેશ-૯૮૬૯૯૩૪૦૯૩, સ્મિતા-૯૮૩૩૭૭૬૩૫૦.

4/1/1 --------- (1-4)




## સંસ્થાકીય મિટીંગ

### શ્રી કુંદરોડી જીરાવલ્લા સર્વોદય ટ્રસ્ટની પહેલી સામાન્ય જાહેર સભા

તા. ૫ નવેમ્બર ૨૦૨૫ના કચ્છ યુવક સંઘ, ૧, પહેલે માળે, તક્ષશીલા સોસાયટી, ગોકુલદાસ માધવદાસ પાસ્તા રોડ, પેટ્રોલ પંપની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪ ખાતે ૪.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

- મિટિંગ અજેન્ડા:
- ૧) ૨૦૨૪-૨૫ ના ઑડિટેડ બેલેન્સ શીટ ને બહાલી આપવી
- ૨) ૨૦૨૫-૨૬ માટે ઓડિટર્સ ને મંજુર કરવા
- ૩) ટ્રસ્ટના જુના અને નવા કામકાજથી સભ્યોને અવગત કરાવવા અને મંજૂરી લેવી
- ૪) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય વિષયો, જો કોઈ હોય તો, તેમની રજૂઆત
- નોંધ: સામાન્ય સભામાં કોરમ ના અભાવે મુલતવી રહેલી સભા ૩૦ મિનિટ બાદ યોજવામાં આવશે અને તે અધિકૃત માનવામાં આવશે. સહુ સભ્યો ને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી. લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(8) --------- (A-13083)(1-5)

### શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન બોરીવલી વાર્ષિક સામાન્ય સભા

શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન બોરીવલીના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૦-૧૧-૨૫ના સોમવાર રાત્રે ૯ કલાકે રાખેલ છે. જેમાં નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી હાથ ધરાશે. (૧) ગત મીટીંગની મીનીટસનું વાંચન અને બહાલી (૨) ગત વર્ષમાં થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ (૩) વર્ષ ૨૪-૨૫નાં ઓડીટેડ એકાઉન્ટસની રજુઆત અને બહાલી (૪) ૨૫-૨૬ માટે ઓડીટર્સની નિમણુંક અને મહેનતાણું નક્કી કરવું (૫) પ્રમુશ્રીની મંજુરીથી જે રજુ થાય તે. વિશેષ નોંધ : (૧) નિયત સમયે કોરમનાં અભાવે મુલત્વી રહેલ સભા ૩૦ મીનીટ પછી એ જ સ્થળે યોજાશે અને તેમાં થયેલ કાર્યવાહી બંધારણીય અને કાયદેસર ગણાશે. (૨) ૨૪-૨૫નાં ઓડીટેડ હીસાબ તા. ૨૭-૧૦-૨૫ થી તા. ૨૯-૧૦-૨૫ સુધી મહાજનશ્રીની ઓફિસમાં સાંજે ૪ થી ૬ દરમ્યાન ખુલ્લા મુકાશે. કોઈ પણ બાબતને સભામાં ચર્ચા પર લેવા લેખીતમાં આપવાનું રહેશે. સભા સ્થળ : શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન બોરીવલી કાર્યાલય, I/1, મંગલકુંજ, જાંબલીગલી, બોરીવલી (વે.) જા.સૌ. ભાવના રોડવેઝ. શ્રી વિરલ મણીલાલ શાહ/ધરોડ (પત્રી/બોરીવલી/સુરેન્દ્રનગર) લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(15) --------- (A-13102)(1-5)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**તા. ૨૦ ઓક્ટોબર – સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. માતુશ્રી કુંવરબેન મેઘજી મોનજી વોરા (નવીનાર)નાં સ્મરણાર્થે એમના પરિવારજનો, એમની સુપુત્રીઓ અને પૌત્રીઓ તરફથી.

● ચિ. સમાઈરા શશીન હસમુખ સાવલાનાં જન્મદિવસ નિમિત્તે શ્રીમતી ભદ્રા દિલીપ શાહ (ગઢશીશા) તરફથી.

● શ્રી શાંતીલાલ નેમજી મેકોની (નાની ખાખર)નાં જન્મદિન નિમિત્તે અ.સૌ. ઉર્મિલાબેન શાંતીલાલ મેકોની તરફથી.

● માતુશ્રી મોંઘીબેન લખમશી દેઢિયાની પુણ્યતિથિ નિમિત્તે શ્રી દેવશી લખમશી દેઢિયા (ગોધરા) તરફથી

● સ્વ.શ્રી.જયંતિ રવજી નાગડા (સણોસરા –મુલુંડ) ની ૧૧ મી પુણ્યતીથી નિમિતે હસ્તે પલ્લવી જયંતિ નાગડા,પૌત્રી પ્રાંશી પ્રેરક નાગડા,પુત્રી મૈત્રી મિહિર ગડા (લાકડીયા) તરફથી.

● દિવાળી માટે સ્વ. શ્રી મણીલાલ ડુંગરશી ફુરિયા (મોટા લાયજા)નાં સ્મરણાર્થે શ્રીમતી મણીબેન મણીલાલ ફુરિયા તરફથી. મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(1) -------- (A-13034)(2-1)

**'સોની કાનજી આણંદજી જ્વેલર્સ દ્વારા' ! દિવાળી પર્વની હાર્દિક શુભેચ્છા !**

દિપોત્સવી પર્વની જેમ આપનું જીવન સદાય આનંદ-ઉમંગનાં રંગોથી છલકાતું રહો એ જ શુભકામના સહ મંગલકારી પર્વની હાર્દિક શુભેચ્છા.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (રેપ્યુટેડ શો રૂમ : Since 1968) બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેટ, સહકાર નગરની સામે, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572. (કચ્છ : ફરાદીવાલા)

4/1/1(9) -------- (N-13081)(2-2)

**'શિખરજી+ઉ.પ્ર.નાં કલ્યાણકોની યાત્રા માટે' ! યશસ્વી ટુર આયોજક : સાવલા ટુર્સ !**

'ભરત સાવલા-સાવલા ટુર્સ' સંગાથે શ્રી સમેત શિખરજી તથા ઉત્તર પ્રદેશનાં ૬૬ કલ્યાણકોની અદ્ભુત-અલૌકિક યાત્રાને આપનાં જીવનનું અવિસ્મરણીય સંભારણું બનાવો. આગામી આયોજનો માટે સંપર્ક : (૧) ભરત સાવલા-9324069295, 7021483923 (૨) કલ્પેશ સાવલા-9769060828.

4/1/1(10) -------- (B-13080)(2-3)

**હેપી દિવાળી + ન્યુ ઈયર 'શેઠીયા ટુર' (નવેમ્બર થી માર્ચ) લક્ઝરી પ્રવાસો માટે**

જ્યાં ચાહો...જ્યારે ચાહો. સ્થળો : સંપુર્ણ કેરાલા, રોયલ રાજસ્થાન, શીખરજી યાત્રા, સીક્કીમ, દાર્જીલીંગ, સુપર સાઉથ, આસામ, મેઘાલય, ગુજરાત, સૌરાષ્ટ્ર, કાશ્મીર, અયોધ્યા, પ્રયાગરાજ, કચ્છ 'રણ' ઉત્સવ, મધ્ય પ્રદેશનાં પ્રવાસોની 'ગ્રુપ' બુકીંગ + પેકેજ માટે સં. 'શેઠીયા ટુર' 8369397524, 8454843663, 9029329818.

4/1/1(7) -------- (B-13084)(2-4)

★ શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ.... ★

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા



આવ્યો છે અવસર તમ ઘરે રળિયામણું...
બંધાયું છે તમ આંગણે રૂડુ પારણિયું...
હર્ષ ઉલ્હાસનું સમાજમાં બંધાયું તોરણિયું...
શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન મહાજન આપે ખીર વધાયું...

It's A Boy

## ચિ. વિર

જન્મ તારીખ : ૨૯/૦૭/૨૫

:: દાદા-દાદી ::
કંચન હીરેન મુલચંદ ધનજી ગડા
ગામ : ડોણ • હાલે : મીરારોડ (ઈ)
:: નાના-નાની ::
હર્ષા પરેશ રામજી દેવજી સાવલા
ગામ : ડોણ • હાલે : મીરારોડ (ઈ)



શેફાલી અને સન્ની ગડા



હેમાંશી અને કેનિલ સાવલા

## ચિ. ધ્રીતી

It's A Girl

જન્મ તારીખ : ૦૭/૦૮/૨૫

:: દાદા-દાદી ::
કંચનબેન રમેશ ખીમજી દેવજી સાવલા
ગામ : બાડા • હાલે : મીરારોડ
:: નાના-નાની ::
વિણાબેન મનોજ ડુંગરશી કુંવરજી ગોસર
ગામ : માપર • હાલે : નાલાસોપારા

2nd Baby

It's A Boy

## ચિ. અંશ

જન્મ તારીખ : ૧૫/૦૮/૨૫

:: દાદા-દાદી ::
હીના દીપક કલ્યાણજી શામજી નેણશી મોતા
ગામ : ફરાદી • હાલે : ચેમ્બુર-તિલક નગર
:: નાના-નાની ::
રીટા હિતેન લધુભાઈ વેરશી શામજી સાવલા
ગામ : કાંડાગરા • હાલે : પરેલ ભોઈવાડા



કિના અને જિનેશ મોતા



તન્વી અને રોહન ધરોડ

## ચિ.તરંગ

It's A Boy

જન્મ તારીખ : ૨૪/૦૯/૨૫

:: દાદા-દાદી ::
વર્ષા કાંતિલાલ લધુ ભીમશી ધરોડ
ગામ : લુણી • હાલે : ભાંડુપ-વેસ્ટ
:: નાના-નાની ::
મીનાબેન ભુપેન્દ્રકુમાર નગીનદાસ શાહ
ગામ : પાળિયાદ • હાલે : ઘાટકોપર

★ શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ.... ★

**શ્રી સચ્ચા માતાજી સેવા સમિતિ**
**રાયધણજર ટ્રસ્ટ રજી. નં. E-36511 (M)**

● રાયધણજર તીર્થ ગામે શ્રી આદેશ્વર દાદાનું ૨૩૫ વર્ષથી પણ વધારે પ્રાચીન દેરાસર તથા રાયધણજર તીર્થે શ્રી સચ્ચામાતાજીના જાગૃત સ્થાને શ્રી સચ્ચા માતાને નમતા રાયધણજર, ચીઆસર, ખારુઆ, મોથારા, સણોસરા, કોટડા રોહા, નારાણપુર, વરંડી, ડુમરા, હાલાપુર, સાભરાઈ, દેઢીયા, વીઢ, અને ભોજાય વગેરે ગામોના ભાવિકો પરીવારજનો તથા અન્ય નુખના રાયધણજર તીર્થ ગામના ગામવાસીઓને નુતન વર્ષાભિનંદન.

● દિવાની રોશની સાથે, હર્ષની હલચલ સાથે, ખુશીઓની મીઠાશ સાથે, નવા હર્ષોલ્લાસ સાથે, દિવાળી આવે છે. આપના પરિવારને દિવાળીના આ પાવન પર્વની હૃદયપૂર્વક શુભકામનાઓ !

● નુતન વર્ષ સવંત ૨૦૮૨ માં નવી આશા, નવો ઉમંગ, નવો ઉજાસ, નવો ઉન્માદ સાથે શ્રી સચ્ચા માતનો સદા રહે આપના ઘરમાં વાસ અને પૂરી થાય આપ સૌની આશ... એવી શ્રી આદેશ્વર દાદા અને શ્રી સચ્ચા માતાને પ્રાર્થના.

● આપનું જીવન સુખમય, નિરોગી તથા તંદુરસ્ત, ધર્મમય અને આનંદદાયક નીવડે એજ શુભેચ્છા.

● ૧૪ ગામના ગડા નુખના ભાવિકોને સહર્ષ જણાવવાનું કે આ વર્ષના શ્રી સચ્ચામાતાજી, શ્રી સગતમાતાજી, શ્રી પુડશા દાદાના દિવાળીના અને કાળી ચૌદસના જુહાર ચોખ્ખાઈપૂર્વક વિધિપૂર્વક આજથી શરૂ થઈ જશે.

● જુહાર કરવા માટે પરીવાર ના એક સદસ્ય ને હાજરી આપવી જરૂરી છે.

● ભાવિકોએ જુવાર માટે સ્થાનિકે મુરજી મોતાને નીચે ૯૮૨૫૦૭૨૦૫૯/ ૭૦૬૯૮૭૨૦૫૯ ઉપર આપેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરશો જેથી આપનું કામ સમયસર થઈ શકે માતાજીના આદેશ મુજબ એક દિવસમાં ચાર જ જુવાર થશે લી. શ્રી સચ્ચામાતાજી સેવા સમિતિ - રાયધણજર

4/1/1(1) -------- (A-13082)(2-5)

**મફત ઓપરેશન (ચશ્માનાં નંબરથી મુક્તિ)**

આપણા સમાજ માટે અને ઈતર સમાજ માટે મફત માં ચશ્મા ના નંબર કાઢવાનું ઓપરેશન. પ્રથમ ૧૦૦ પેશન્ટ માટે. ડોક્ટર જીગ્નેશ ગાલા દ્વારા સંચાલિત સંપર્ક કરો : ૭૭૧૮૮૫૨૪૫. પત્રિકાની જાહેરાત લાવવા વિનંતી. દાતા : શ્રીમતી જવેરબેન મણસીભાઈ અવચર ગાલા (ગામ : ઘાણીથર) એડ્રેસ : બી-૧૨૫, ગ્રાઉન્ડ ફ્લોર, લારામ સેન્ટર, એસ.વી. રોડ, અંધેરી વેસ્ટ સ્ટેશન પાસે.

4/1/1(3) -------- (B-12958)(2-6)

**VULCAN INDIA CCTV**

Cameras, Biometric, Walky Talky, Fire Alarm, Installation & Amc at Wholesale Rates. Ritesh Dharod (Luni) - 9820608929 / 9619616103.

2/1/1(12) -------- (B-13100)(2-7)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# જીવદયા અનુદાન

### શ્રી ગઢશીશા પાંજરાપોળ

સ્થાનિકે આવેલ રોકડનું દાન તથા દાતાશ્રીઓની અનુમોદના આપશ્રીનું દાન અબોલ જીવોને અભયદાન. ૧) સ્વર્ગીય જીવાબેન લાલજીભાઈ ઠાકરાણી રત્નાપર રૂા. ૫૦૦૦/- ૨) શ્રી રામ ભરોસે બારડોલી રૂા. ૪૦૦૦/- ૩) શ્રી રામ ભરોસે બારડોલી રૂા. ૩૫૦૦/- ૪) શ્રી રામ ભરોસે બારડોલી રૂા. ૩૫૦૦/- ૫) શ્રી રામ ભરોસે કોડીનાર રૂા. ૨૧૧૧/- ૬) ધર્મેશભાઈ વીરજી વેકરીયા મોટી રાયણ રૂા. ૨૦૦૦/- ૭) જેંતીલાલ લાલજી ઠાકરાણી રત્નાપર રૂા. ૨૧૦૦/- ૮) ગોહિલ ભીમજીભાઈ ગઢસીસા રૂા. ૧૫૦૦/- ૯) રતિલાલ શામજી વેલાણી મોટી રાયણ રૂા. ૧૧૦૦/- ૧૦) ધૈર્ય કપિલ ગાલા સાડાઉ રૂા. ૧૧૦૦/-. ઉપરોક્ત દાતાશ્રીઓએ રોકડનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લી. ટ્રસ્ટીઓ. શ્રી ગઢસીસા પાંજરાપોળ. સ્થાનિક - ૯૪૨૮૬૮૨૫૩૯, મુંબઈ - ૭૬૬૬૧૨૨૨૧૮.

4/1/1(26-P) --------- (A-13054)(3-1)

### જે એમ જી ક્લીનીક હવે અંધેરી સ્ટેશન પાસે

મફત દાંતનું ચેક અપ, દાંતની સંપુર્ણ સારવાર મળશે. સવારે ૯ વાગ્યેથી સાંજે ૯ વાગ્યા સુધી (9 am to 9 pm) ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પુર્ણ પેકેજ માટે સંપર્ક કરો જે એમ જી ક્લીનીકને) 0% EMI ફેસીલીટી મળશે. (પુર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી.) રાહત દરે બધી જ દાંતની ટ્રીટમેન્ટ મળશે. આપણાં સમાજ માટે અને ઈતર સમાજ માટે. દાંતનું ચેક અપ મફત. દાંત કાઢવાનાં-300/- (ઓપરેશન વગર), રૂટ કેનાલ-1000/- એક્રેલીક દાંતની કેપ-400/-, સીરામીક કેપ 2000/- ઝેરકોનીયા કેપ-5200/-, દાંતની બત્રીસી-9000/- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ-22000/- દાંતનાં ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક : માણસીભાઈ ગાલા, જે.એમ.જી.ક્લીનીક અંધેરી (વેસ્ટ) લોકેશન : એ૧-૨૦૨, ક્રીસ્ટલ ક્લેર આઈ એન્ડ ડેન્ટલ ક્લીનીક, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની ઉપર, નાડકો શોપીંગની બાજુમાં, એસ.વી.રોડ, અંધેરી (વેસ્ટ) રેલ્વે સ્ટેશનની સામે, ફોન : 8433742300, 7718885245.

4/1/1(2) --------- (B-12965)(3-2)

### નિઃશુલ્ક જાત્રા, લોનાવાલાનાં દેરાસરો

૬૫ વર્ષની ઉપરનાં માટે એક દિવસીય લોનાવાલાના દેરાસરોની નિઃશુલ્ક જાત્રા. સં. કુમુદ હીતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા-7304472581. (ફક્ત વોટસએપ, નો ફોન કોલ્સ)

4/1/1(4) --------- (N-13079)(3-3)

### (JYF) જૈન યુથ ફોરમ
### સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે નટેલા ચોકલેટ સ્પ્રેડનો ત્યાગ. (રસેન્દ્રીય ત્યાગ ભાવના વધારવા)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(5) --------- (A-13086)(3-4)







# મહિલા સંસ્થા સમાચાર

### કચ્છી મહીલા ફેડરેશન
### બુધવાર ૨૨-૧૦ના કાર્યાલય બંધ

ક.મ.ફે.સં. જયાબેન વિસનજી મારૂ (બિદડા) મહીલા મેડીકલ ફંડ સહાય માટે નુતન વર્ષ નિમિત્તે બુધવાર, તા. ૨૨-૧૦-૨૦૨૫નાં કાર્યાલય બંધ રહેશે. લાભાર્થીઓએ નોંધ લેવા વિનંતી. લિ. મંત્રીઓ.

4/1/1(11) --------- (A-13098)(3-5)

### શ્રી બાબા રામદેવપીરનાં ભજન ચેમ્બુર કેમ્પ મંદિર નં. ૧

શ્રી બાબા રામદેવપીરનાં ભજન ચેમ્બુર

- લીલો ઘોડો નવલખો, મોતીયે જડી લગામ, શ્રી રામદેવ રાજકુમાર ને નવા વર્ષે કરું જુગ જુગ પ્રણામ, દિવાળી નાં ઝળહળતા દિવડા નો પ્રકાશ અને પર્વની મીઠાશ ચારે બાજુ ફેલાતા આપણા જીવન ને ખુશીઓ થી ભરી દે છે અને બીજા દિવસ ની સુપ્રભાતે સૂર્ય દેવતાં ના સોનેરી કિરણો ધરતી માતા ને સ્પર્શતા જ નવા વર્ષ નાં આગમન ની છડી પોકારે છે અને નવા વર્ષ ની મોટી કારતક સુદ થાવર બીજ તા. ૨૩.૧૦.૨૫ ગુરુવાર નાં શુભ દિવસે છે તો નવા વર્ષે સર્વે ભક્તો શ્રી રામદેવપીરના દર્શન કરી ધન્ય બની જઈએ નવું વર્ષ યશસ્વી, સુખ સમૃદ્ધિથી ભરપૂર અને નિરોગી રહે માટે શ્રી બાબા નાં ચરણે વંદન કરી ઉન્નતિ ના શિખરો સર કરીએ એવા આશીર્વાદ લઈએ,શ્રી બાબાની જ્યોત બપોરનાં ૪.૦૦ વાગે પ્રગટ થશે.ત્યાર બાદ ભજન અને શ્રી રામાપીર ની મોટી આરતી ૭.૩૦ વાગે થશે, સર્વે ભક્તો ને ભજન સાંભળવા, પાટ અને જ્યોત ના દર્શન કરવા, અને નવા વર્ષ ની મોટી આરતી નો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે આરતી નો મહિમા ખૂબ જ મોટો છે.અને બાબા સર્વે ભક્તો પર સદા મહેર વરસાવે એવી નવા વર્ષની અભ્યર્થના.. બાબો ભલી કરે. ઠે.શ્રી રામદેવપીર મંદિર નં.૧ બેરક નં.૨૨, હરિજનવાસ, ચેમ્બુર કેમ્પ,૭૪. લી. શ્રી રામાપીર સત્સંગ મંડળ ચેમ્બુર તરફથી સર્વે ભક્તોને નવા વર્ષના નૂતનવર્ષાભિનંદન હા. વિનોદ કુમાર નાગજી છાડવાનાં જય રામાપીર.

4/1/1(13) --------- (A-13104)(3-6)

### રતાડીયા (ગ.) સ્થાને શ્રી સીરીયલ માતાને નમતા સાવલા ભાવિકોની સ્થાનિકે પહેડી

આથી જણાવતાં આનંદ થાય છે કે રતાડીયા (ગ.) સ્થાને શ્રી સીરીયલ માતાજીને નમતા સાવલા નુખના ભાવિકો તથા નિયાણી બહેનોને સહ કુટુંબ સ્થાનિકે તા. ૨૪-૧૨-૨૦૨૫ અને ૨૫-૧૨-૨૦૨૫ પધારવા સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ. તા. ૨૪-૧૨-૨૦૨૫નાં પોતાની રીતે સવારનાં રતાડીયા (ગ.) પહોંચવું. સ્થાનિકે જરૂરીયાતમંદોને ટીકીટ દીઠ રૂા. ૧૦૦૦/- રીફંડ આપવામાં આવશે. ટ્રેનની ટીકીટ ૬૦ દિવસ પહેલા મળે છે, તેથી બધા ભાવિકો તથા નિયાણી બહેનોએ વહેલી તકે પોતાની ટીકીટો બુક કરાવી લેવી અને તેની જાણ ભરત સાવલા મો.નં. ૯૩૨૪૩૪૫૭૭૫ પર જાણ કરવી. સ્થાનિકે સેનેટોરીયમમાં રહેવાની, ચા-પાણી તથા જમવાની સગવડ કરવામાં આવશે. કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ રહેશે. (૧) તા. ૨૪-૧૨-૨૦૨૫ સવારનાં રતાડીયા (ગ.)માં આગમન. (૨) બપોરનાં જમીને મુળ સ્થાન ભીંસરા તથા બેરાજા બસમાં દર્શન કરવા પ્રસ્થાન. (૩) રાત્રે માતાજીનાં ગરબા-રાસનો પ્રોગ્રામ. (૪) ૨૫-૧૨-૨૦૨૫નાં સવારે શ્રી સીરીયલ માતાજીનો હોમ હવન (૫) બપોરનાં હોમ-હવન પછી માતાજીનો મહા પ્રસાદ. મહા પ્રસાદ પછી માતાજીની પહેડીની મીઠી યાદો સાથે કાર્યક્રમની સમાપ્તિ જેમને પણ તા. ૨૫-૧૨-૨૦૨૫નાં જમીને નીકળવું હોય તેમણે સ્થાનિકે જાણ કરવી. પહેડીનાં સંપુર્ણ ખર્ચનાં દાતા સ્વ. કેસરબેન હંસરાજ સાવલા અને સમસ્ત પરીવાર ગામ : સાડાઉ. લિ. સાવલા પહેડી કમીટીનાં જય માતાજી. તા.ક. : સ્થાનિકે મારાજ સાહેબનો જોગ હોવાથી જગ્યાની અગવડતા સાચવી લેવા વિનંતી.

4/1/1(14) --------- (B-13104)(3-7)

# લુણીના: માવિત્ર પરિવારની પુષ્પાંજલિ

પ્રેમની પરિમલતા પ્રસરાવનાર સદાય મુખ પર હાસ્ય ધરાવનાર
વ્હાલી દિકરી - બેનની દુ:ખદ વિદાય..



જીવન જીવ્યા તમે,
રાખી સદાય ટેક...
હસ્તો રાખ્યો ચહેરો સદા,
રાખી જીવનમાં નેક...
સંપ-જંપમાં માનનારા,
હતા તમે અમૃતજળ...

પરિવારમાં પ્રેમનો પમરાટ અને હેતની
હેલી વરસાવનાર...
સાસરીયા/માવિત્રનું કુળ અજવાડનાર
સ્નેહાળ સુપુત્રી/પ્રેમાળ બહેનને
અશ્રુનયને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ.

## સરોજબેન રતીલાલ ખીમજી સંગોઈ (ફૂરીયા)

દેહપરિવર્તન તા: ૧૪-૧૦-૨૦૨૫ ઉ. ૭૨ ગામ: બિદડા, હાલે કેન્સાસ USA

"મોટી બહેન, તું અમારા માટે માત્ર બહેન જ નહોતી પણ એક માતા સમાન હતી,
તેં અમને ઘણી વસ્તુઓ શીખવી હતી, શ્રેષ્ઠ મિત્ર અને માર્ગદર્શક બની હંમેશા અમારો હાથ પકડયો હતો,
આજે તારા ગયા પછી અમે ખૂબ એકલતા અનુભવીએ છીએ, પણ અમને ખબર છે કે તું જયાં પણ હોઈશ,
ત્યાંથી હંમેશા અમારી રક્ષા કરીશ,
સમયની સરી જતી ક્ષણોમાં, તારો પ્રેમ અને સ્મૃતિ અમારા હૃદયમાં હંમેશા અમર રહેશે."
વ્હાલી દિકરી-બેન તારી અવિરત ખોટ અમને હરહંમેશ સાલ્યા કરશે
પરમકૃપાળુ પરમાત્મા તને પંચમપદ ની પ્રાપ્તી કરાવે એજ પરમ પ્રાર્થના...

(CLC-13077)

લિ. વિયોગમાં વ્યાકુળ: માવિત્ર પરિવાર

**માતુશ્રી ભાનુમતી તલકશી વશનજી ગલિયા (શાહ) સમસ્ત પરિવાર - લુણી**

**ટેરીસીતા દીપક તલકશી શાહ**

સ્વ. રસીલાબેન ગલિયા (કેન્સાસ, USA)
ડો.અલ્પા પરેશ રમણીકલાલ દેઢિયા (બેરાજા)
નિશા દીલીપ લાલજી ગાલા (લાખાપર)
નીના યોગેશ માવજી ગાલા (મોટા આસંબીયા)

DEDHIA ARTS 98203 54681



(CLC-13099)

# SA RE GA MA®

EXCLUSIVE ETHNIC WEAR

લિનન / કોટન / આર્ટ સિલ્ક કુર્તા દરેક સાઇઝ માટે ઉપલબ્ધ

રેસેપ્શન અને ઑફિસ વેર બ્લેઝર સુટ– કસ્ટમાઈઝ્ડ ડિઝાઇન અને સ્ટાઇલિંગ સાથે

શેરવાની/ ઇન્ડો-વેસ્ટર્ન / નવાબી સુટ– વરરાજા. અને સાઈડર્સ માટે કસ્ટમાઈઝ્ડ એક્સેસરીઝ સાથે

ત્રણ પેઢી માટે કોમ્બો ડ્રેસિંગ – વ્યક્તિગત ડિઝાઇન અને ફિટીંગ સાથે

પેહેળી. / ઇવેન્ટ્સ માટે બલ્ક ઓર્ડર્સ – કસ્ટમાઈઝ્ડ ફિટિંગ સાથે ઉપલબ્ધ

તાત્કાલિક ઓર્ડર્ગ સર્ડ સર્પ – કસ્ટમાઈઝેશન સાથે

**સમય સવારે ૧૧ થી રાત્રે ૮ વાગ્યા સુધી**

K. D. Corporation
F-112/113/115/116, 1st Floor, Dadar
Manish Market, Senapati Bapat Marg,
Opposite Railway Station, Dadar (West),
Shane: 022-79626054/7303084949

Dinesh Gangji Vora 96190 82456
Kushal Dinesh Vora 98212 82456
(Nangalpur)

---

શ્રી સુપાર્શ્વનાથાય નમઃ
શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવિન્દ્ર-વીરભદ્ર-મહોદય સૂરી ગુરુભ્યો નમઃ

# શ્રી મોટા આસંબીયા ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ

## થાશે વર્ધમાન તપ, વિગઈની નહીં લપછપ.

વર્ધમાન તપ ની ઓળી એટલે ચડતા પરિણામે ૧,૨,૩,૪,૫ કરીને ૧૦૦ મી મંઝિલે ચઢાય.... જેમાં નથી વિગઈની વિકૃતિ....
નથી રસાસ્વાદ ની અનુભૂતિ....
અને નથી આહાર સંજ્ઞાની આશક્તિ...

આપણું શરીર છ કરોડ સાડા બાર લાખ રોગોથી ઘેરાયેલ છે. જેનો નાશ કરવાની તાકાત આ આયંબિલ તપ માં છે. એવી એક પછી એક પગથિયું ચડતા ચડતા જેમની ૯૭ મી ઓળી પૂર્ણતા તરફ વધી રહી છે એવા પ. પૂ. સુસાધ્વીશ્રી ભદ્રગુણાશ્રીજી મ. સા. ના સુશીષ્યા પ પૂ સુસાધ્વીશ્રી દર્શનગુણાશ્રીજી મ. સા. ની વર્ધમાનતપ ની ૯૭ મી ઓળી નું પારણું કારતક સુદ ૧૧ તા ૩૧-૧૦-૨૦૨૫ ના છે. પૂજ્યશ્રીની વર્ધમાન તપની ૯૭ મી ઓળીના પારણાનો મહામૂલો લાભ શ્રી મોટા આસંબીયા સંઘને પ્રાપ્ત થયો છે. આ અનમોલ અવસરના સાક્ષી બનવા અને તપ વંદનાવલી કાર્યક્રમમાં સહભાગી થવા સહુ ગુરુ ભક્તો... પૂજ્યશ્રીના સંસારી પરિવારજનો... શાસન પ્રેમી શ્રાવક શ્રાવિકાઓ... નિયાણી બહેનો અને ગામવાસીઓને સ્થાનિકે પધારી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરવા ભાવભર્યું નિમંત્રણ.

સમય: સવારે ૮.૧૫ વાગે. વિધિકાર શાસન ગૌરવ શ્રી ચંદ્રકાંત દેઢિયા.

**લી. શ્રી મોટા આસંબીયા ક. વી. ઓ. અચલગચ્છ જૈન સંઘ-ટ્રસ્ટીઓ**

(CLB-13075)
DEV GRAPHICS - 9323 84 2828

---

|| શ્રી સચ્ચા માતાય નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || શ્રી પાબુદાદાય નમઃ ||

# LUCKY FOOD
# DIWALI BUMPER OFFER

Shop No. 1, Suresh Niwas, Manchubhai Road, Malad (E), Mumbai - 97.
Mob.: 98199 39244 / 98927 77070

| | | | |
|---|---|---|---|
| ૧) મિક્સ મિઠાઈ | 360/kg | ૨૧) સ્પે. ખાખરા | 180/kg |
| ૨) કાજુકતરી | 640/kg | ૨૨) ફરસાણ | 200/kg |
| ૩) ફેન્સી મિક્સ મિઠાઈ | 1000/kg | ૨૩) પ્રમુખ રાજના ચોરાફળી | 220/kg |
| ૪) રવા લાડુ | 280/kg | ૨૪) પ્રમુખ રાજના મઠિયા | 220/kg |
| ૫) બેસન લાડુ | 280/kg | ૨૫) ભાજની ચકરી | 180/kg |
| ૬) મોતીચુર લાડુ | 280/kg | ૨૬) મગદાળ ચકરી | 280/kg |
| ૭) ચુરમા લાડુ | 480/kg | ૨૭) મીઠા સકર પારા | 200/kg |
| ૮) મોહન થાળ | 440/kg | ૨૮) સ્પે. કચોરી | 200/kg |
| ૯) કાઠીયાવાડી પેંડા | 480/kg | ૨૯) બાજરી વડા | 200/kg |
| ૧૦) હલવો | 240/kg | ૩૦) બાજરી તલકતરી | 200/kg |
| ૧૧) ઈલવાસન | 240/kg | ૩૧) પાપડ ચેવડો | 200/kg |
| ૧૨) ખજુર પાક | 150/250 gms | ૩૨) પૌંવા ચેવડો | 200/kg |
| ૧૩) અંજીર પાક | 180/250 gms | ૩૩) મકાઈ ચેવડો | 200/kg |
| ૧૪) ડ્રાયફ્રુટ કરંજી | 280/kg | ૩૪) કોથમીર ચેવડો | 280/kg |
| ૧૫) કાજુ પાન | 220/250 gms | ૩૫) જીરા ફરસીપુરી | 200/kg |
| ૧૬) કાજુ પુરી | 220/250 gms | ૩૬) મેથી ફરસીપુરી | 200/kg |
| ૧૭) કાજુ રોટલા | 220/250 gms | ૩૭) પાપડ ભેલ | 280/kg |
| ૧૮) મિક્સ વેરાયટી કેક | 100/250 gms | ૩૮) ડોંબીવલીના ફેમસ ખાખરા | 300/kg |
| ૧૯) ડ્રાયફ્રુટ ચિક્કી | 480/kg | ૩૯) ખારા સકરપારા | 200/kg |
| ૨૦) નાન ખટાઈ | 200/kg | | |

(CLC-13078)

**રૂપિયા ૧૦૦૦ ની ખરીદી પર આકર્ષક ઈનામ ફ્રી**

**સ્વરૂપ અમરશી ગડા •અમરશી વેલજી ગડા (ભચાઉ - માલાડ)**

# USA માં દેવલોકગમન



કચ્છ
**બિદડા**

હાલે
**Kansas USA**

## અ.સૌ. સરોજબેન રતિલાલ સંગોઈ (ઉ.૭૨)

જીવનયાત્રા : તા. ૧૯-૧૦-૧૯૫૩ થી તા. ૧૪-૧૦-૨૦૨૫

**સરળતા સંગે જીવી જાણ્યું...! સમતા ધરી મૃત્યુ માણ્યું...!!**

સદ્ગતિની પરંપરા જાળવીને, પરમ-શાંતિના ધામરૂપ પરમપદને શીઘ્ર પ્રાપ્ત કરી
આપશ્રી શાશ્વત સુખને પામો....પરમાત્માને એજ પ્રાર્થના...

| | | |
|---|---|---|
| દાદાઈ સાસુ-સસરા | : સ્વ. રાણબાઈ લધા હીરા સંગોઈ | બિદડા |
| નાનાઈ સાસુ-સસરા | : સ્વ. ઉમરબાઈ કુંવરજી પાસુ કુરીયા | બિદડા |
| સાસુ-સસરા | : સ્વ. સોનબાઈ ખીમજી સંગોઈ | બિદડા |
| માતા-પિતા | : સ્વ. ભાનુમતી સ્વ. તલકશી ગલીયા | લુણી |
| જીવનસાથી | : શ્રી રતિલાલ ખીમજી લધા સંગોઈ | બિદડા-USA |

**પુત્ર - પુત્રવધુ**
ડેનીશ આનંદ સંગોઈ.......... બિદડા (USA)
સોનલ અંકુર સંગોઈ .......... બિદડા (USA)

**પૌત્ર - પૌત્રી**
જેડન- આશા-દિવ્યા આનંદ સંગોઈ . બિદડા (USA)
અનિષ-કેવલ અંકુર સંગોઈ ...... બિદડા (USA)

**દેર-દેરાણી**
સ્વ. નિર્મલા સ્વ. હરખચંદ સંગોઈ ....... બિદડા

**નણંદ -નણંદોઈ**
સ્વ. ભારતી જયંતિલાલ ખીમજી મારૂ ...... ત્રગડી
સુશીલા ખુશાલ ડુંગરશી વીરા .... નવાવાસ (USA)

**ભત્રીજા - ભત્રીજાવહુ**
પ્રિયંકા હર્ષિલ સંગોઈ .............. બિદડા

**ભત્રીજી - ભત્રીજીવર**
બીના દિપેશ દેઢિયા.............. નવાવાસ
એકતા અમીત રાંભિયા ........... રામાણીયા
ઉર્વિ પ્રિતેશ શાહ ................ વાંકી

**ભત્રીજી**
કવિતા હરખચંદ સંગોઈ ............. બિદડા

**ભાણેજી-ભાણેજીવર**
ભાવના રમેશ દેઢિયા.............. મેરાવા
ફાલ્ગુની નિતેશ છેડા .............. લાયજા

**ભાણેજ-ભાણેજવહુ**
ગંગા મનીષ મારૂ................ ત્રગડી
અમી અમર વીરા.......... નવાવાસ (USA)
મેલીશા અમીત વીરા ......... નવાવાસ (USA)

**પિયર પક્ષ**

**ભાઈ-ભાભી**
ટેરીસીતા દિપક તલકશી ગલીયા ......... લુણી

**બેન-બનેવી**
સ્વ. રસીલા હેમંત ઠાકુર ............. USA
નીશા દિલીપ લાલજી ગાલા ......... લાખાપુર
ડૉ. અલ્પા પરેશ રમણીકલાલ દેઢિયા...... બેરાજા
નીના યોગેશ માવજીભાઈ ગાલા ...... આસંબીયા

**વેવાણ-વેવાઈ**
નેન્સી બોબ ઝેન્ગર................ USA
સુમનબેન દિલીપભાઈ............... ઈન્દોર

**નિવાસ : રાજ સંગોઈ,** 11205W. 115th Terrace, Overland Park, KS66210.

**રતિલાલ : (913) - 220 - 9310**

મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. ▪ ફોન / મેસેજ આવકાર્ય ▪ લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

(CLA-13091)

BINITA - J. MARU - 9869034162

Happy Diwali

# OJAS maxiVision EYE HOSPITALS

THE VISION WE PROMISE, WE DELIVER

## દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ !

દિવાળીના પર્વનો પ્રકાશ તમારા દરેક દ્રષ્ટિકોણમાં પ્રતિબિંબિત થવા દો. સ્પષ્ટ દ્રષ્ટિ એ સૌથી તેજસ્વી ભેટ છે જે તમે તમારી જાતને આપી શકો છો. ચાર દાયકાથી વધુ સમયથી ઓજસ મેક્સિવિઝન આઈ હોસ્પિટલ્સમાં, વિજ્ઞાન અને અદ્યતન ટેકનોલોજીથી અમે આંખ સંભાળવાની યોગ્ય કળા - કાળજી માટે સમર્પિતછીએ. અદ્યતન મોતિયાની શસ્ત્રક્રિયાથી લઈને LASIK, PRK, SILK/Contoura અને Phakic Lens જેવી રીફ્રેક્ટિવ પ્રક્રિયાઓ સુધી અત્યાધુનિક કોર્નિયલ અને રેટિના સારવાર ઉપલબ્ધ છે. અમારું ધ્યેય તમને જીવનના રંગો જોવામાં મદદ કરવાનું છે, ફક્ત પડછાયાઓ જ નહીં. વિશ્વ કક્ષાની ટેકનોલોજી અને compassionate આંખના નિષ્ણાતોની ટીમ સાથે, અમે અમારે તયાં આવતા દરેક વ્યક્તિની આંખની clarity, comfort અને care લઈએ છીએ. આ દિવાળીમાં, ઓજસ મેક્સિવિઝન આઈ હોસ્પિટલ્સ તમારી સાથે ઉભું છે.
તમારી દ્રષ્ટિની સ્વસ્થતા, તમારી આંખોના આરામ અને તમારી ઉજવણીને સ્ફટિકીય રીતે સ્વચ્છ રાખવા માટે.

### સલામત અને તેજસ્વી દિવાળી ઉજવો...આંખની સંભાળ માટેની ટિપ્સ

ફટાકડાથી સુરક્ષિત અંતર રાખો. જો બળતરા થાય તો આંખોને ઘસવાનું ટાળો, હળવા હાથે પાણીનો છંટકાવ કરો.ફટાકડાની નજીક રક્ષણાત્મક ચશ્મા પહેરો. બાળકો પર નજર રાખો કે તેઓ સ્પાર્કલર કે દીવાઓથી દૂર અંતરે ઉભા છે. તેજસ્વી લાઈટ અને સ્ક્રીનથી તમારી આંખોને આરામ આપો.





### Advanced Eye Care Services

- 3D ROBOTIC CATARACT SURGERY
- CONTOURA WAVELIGHT LASIK
- ELITA SILK VISION CORRECTION
- DIABETIC & PAEDIATRIC EYE CARE
- SQUINT CORRECTION & RETINA SERVICES
- CORNEA, OCULOPLASTY & COSMETIC EYE PROCEDURES
- GLAUCOMA, CONTACT LENS & VISION THERAPY
- DRY EYES TREATMENT & REGULAR EYE CHECK-UPS





### Ojas Facilities & Benefits

- CASHLESS TREATMENT & INSURANCE SUPPORT
- NO-COST EMI OPTIONS
- VIDEO CONSULTATIONS FOR INTERNATIONAL & DOMESTIC PATIENTS
- WORLD-CLASS TECHNOLOGY & ADVANCED EQUIPMENT
- HIGHLY TRAINED OPHTHALMOLOGISTS & SUPPORT TEAM PATIENT-CENTRIC CARE & PERSONALIZED ATTENTION
- NABH ACCREDITED 39 YEARS OF EXCELLENCE
- AWARDED AS BEST HEALTHCARE BRAND



### OJAS BRANCHES

**Ojas Bandra**
Roseland Building, Junction of Linking Road and Waterfield Road, Mumbai-400050. Mo. 92402 14610, 022-6154 9999/2640 5951

**Ojas Kandivali (East)**
Jivala Pada Road, Behind Gokul Concord Tower, Thakur Village, off Western Express Highway, Mumbai-400101
92402 14611, 90043 44039

WWW.OJASEYEHOSPITAL.COM | INFO@OJASEYEHOSPITAL.COM

OJAS maxiVision EYE HOSPITALS
THE VISION WE PROMISE, WE DELIVER

### EXPERT EYE SPECIALISTS

**DR. NITEEN DEDHIA | DR. ROHAN N. DEDHIA**
DR. ANKITA MULCHANDANI | DR. ADITEE MADKAIKAR
DR.ADITYA PATIL | DR. RUPAL RATHOD | DR. RISHIT D. SHAH

(CLC-13097)



NEEL PARI - 9322299742

આસો વદ - ૩૦, સોમવાર, તા. ૨૦-૧૦-૨૦૨૫ | www.kutchipatrika.org ખબર પત્રિકા 09

|| ચારિત્ર કલ્યાણ ||

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ ઈ.સ. ૧૯૨૩

સ્થાનિક ઓફિસ : ચારિત્ર કલ્યાણ માર્ગ, સ્ટેશન રોડ, સોનગઢ, જિ. ભાવનગર, પીન : ૩૬૪૨૫૦. ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૨૪, ૨૪૪૬૪૫.
મુંબઈ ઓફિસ : ૨/૩૪, મિનર્વા બિલ્ડીંગ, માધવદાસ પાસ્તા રોડ, દાદર. (સે.રે.) મુંબઈ - ૪૦૦૦૧૪. ફોન નં. ૨૪૧૬૫૬૩૯, મો : ૮૩૫૬૮૮૧૫૫૯.

## સોનગઢ રત્નાશ્રમનાં વિદ્યાર્થીઓનું
## "ગુર્જર સંસ્કૃતિ - તીર્થ દર્શન"

### કચ્છ દર્શન

- ✱ વંદેમાતરમ-ભુજોડી
- ✱ સ્મૃતિવન-ભૂજ
- ✱ ભુજીયો ડુંગર
- ✱ શ્રી ઈન્દ્ર વલ્લભ ધામ - નખત્રાણા
- ✱ માંડવી બીચ
- ✱ માંડવી વિજય વિલાસ પેલેસ
- ✱ માતાનો મઢ
- ✱ દેવપુર
- ✱ નલિયા તીર્થ
- ✱ કોઠારા તીર્થ
- ✱ સુથરી તીર્થ
- ✱ ૭૨ જીનાલય
- ✱ રોડ ટુ હેવન
- ✱ ધોળાવીરા









પ્રકૃતિ, શિલ્પ - સ્થાપત્ય, સમાજજીવન વગેરે વિશે અનેક પુસ્તકો દ્વારા ન મળે એટલું જ્ઞાન એક પ્રવાસ દ્વારા મળી શકે છે.
જેમ માતાને માટે કહેવાય છે કે 'એક માતા સો શિક્ષકની ગરજ સારે', તેમ પ્રવાસને માટે કહી શકાય કે

**'એક પ્રવાસ સો પુસ્તકની ગરજ સારે !'**

વાસ્તવમાં, પ્રવાસથી મળતું જ્ઞાન પુસ્તકિયા જ્ઞાન જેવું શુષ્ક નથી હોતું, અનુભવથી રસાયેલું હોય છે.
એ જ્ઞાન માનવીના જીવનમાં કદી ન ભૂંસાય એ રીતે અંકિત થઈ જાય છે.



સોનગઢ રત્નાશ્રમ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓ માટે ગુજરાતની દશેય દિશાઓમાં પ્રવાસ-પર્યટનનું આયોજન કરવામાં આવે છે.

**આ વર્ષે પણ ૫૧૦ વિદ્યાર્થીઓ માટે તા. ૨૫.૦૯.૨૦૨૫ થી તા. ૨૭.૦૯.૨૦૨૫ ત્રિદિવસીય "ગુર્જર સંસ્કૃતિ - તીર્થ દર્શન" નું આયોજન કરવામાં આવેલ.**

### ગુજરાત-રાજસ્થાન દર્શન

- ✱ તારંગા તીર્થ
- ✱ કુંભારિયા તીર્થ
- ✱ અંબાજી ગબ્બર
- ✱ અંબાજી મંદિર
- ✱ માઉન્ટ આબુ, દેલવાડાના દેરાસરો
- ✱ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ
- ✱ શ્રી પાવાપુરી તીર્થ







### શા માટે ગુર્જર સંસ્કૃતિ - તીર્થ દર્શન ?

- ➢ આપણા જીવનના સર્વાંગી ઘડતર માટે તે જરૂરી છે.
- ➢ અનુપમ પ્રાકૃતિક સૌંદર્યનું દર્શન આપણને ઊંડો, સાત્ત્વિક આનંદ આપે છે.
- ➢ પ્રકૃતિનાં સૌંદર્યધામોની ઉત્તમ રચનાઓનાં દર્શન થઈ શકે છે. તેમજ માનવીના જીવનને રસસભર બનાવે છે.
- ➢ ઐતિહાસિક સ્થળો ઈતિહાસનાં પૃષ્ઠોને આપણાં મનઃચક્ષુ સામે ખુલ્લાં કરી દે છે. તેમજ ઐતિહાસિક તીર્થોના દર્શન કરી આપણા સુધી આ ભવ્ય વારસો પહોંચાડવા માટે આપણા પૂર્વોજો પ્રત્યે બહુમાન ભાવ પ્રગટ કરવાનો અવસર મળે.
- ➢ પ્રતાપગઢનો કિલ્લો જોઈને શિવાજીની વીરતાની જે જીવંત ઝાંખી થાય, તે ઈતિહાસનાં પ્રકરણો વાંચવાથી ભાગ્યે જ થઈ શકે.
- ➢ કલાવિવેચનનાં પુસ્તકો વાંચવાથી જેટલી સૂઝ ન વિકસે તે શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકળાની ઉત્તમ કૃતિઓનાં પ્રત્યક્ષ દર્શનથી વિકસી શકે છે.
- ➢ વિવિધરંગી અનુભવોથી જીવનની જે પાયાની કેળવણી મળે છે, તે વર્ષોના શૈક્ષણિક અભ્યાસથી મળી શકતી નથી.
- ➢ માનવી અનેક પ્રકારના લોકોના પરિચયમાં આવે છે, જુદા જુદા સમાજોની સંસ્કૃતિ અને સભ્યતાના સંપર્કમાં આવે છે.

શ્રી ઉમાશંકર જોશીએ ખરું જ કહ્યું છે:

**"ઘરને ત્યજીને જનારને મળતી વિશ્વતણી વિશાળતા
પછવાડે અડવા થનારને ભરખે ઘર કેરી શૂન્યતા !"**

પ્રવાસનું આધ્યાત્મિક મૂલ્ય પણ ઓછું નથી.
પ્રવાસ માનવીને એ સનાતન સત્યની પ્રતીતિ કરાવે છે કે આ જગતમાં બધા મનુષ્યો મુસાફરો જ છે.
આમ, પ્રવાસ માનવીની સાહસવૃત્તિને ઉત્તેજિત કરવાની સાથે, તેને નિરાસક્તિના પાઠ પણ શીખવી શકે છે.

ટ્રસ્ટીઓ

શ્રી ચંપકલાલ ભીમશી ગંગર
શ્રી દામજી નેણશી રાંભિયા
શ્રી નાનજી હીરજી ફુરીયા
શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા
શ્રી જગશી ખીમજી(JK) શાહ
શ્રી વિનોદ ખીમજી શાહ
શ્રી જાદવજી લાલજી એન્કરવાલા

(CLB-13076)





### ઉત્તર ગુજરાત દર્શન

- ✱ શ્રી શંખેશ્વર તીર્થ
- ✱ શેરીસા તીર્થ
- ✱ મોઢેરા સૂર્ય મંદિર
- ✱ લોથલ તીર્થ
- ✱ અડાલજની વાવ
- ✱ ઈન્દ્રોડા નેશનલ પાર્ક
- ✱ અક્ષરધામ મંદિર તથા લેઝર શો
- ✱ ગુજરાત વિધાનસભા

### મધ્ય - દક્ષિણ ગુજરાત દર્શન

- ✱ શ્રી ખંભાત તીર્થ
- ✱ વડોદરા મ્યુઝીયમ
- ✱ વડોદરા કમાટીબાગ
- ✱ સ્ટેચ્યુ ઓફ યુનિટી
- ✱ વાલવોડ તીર્થ
- ✱ પોઈચા
- ✱ સિનોર તીર્થ




### સૌરાષ્ટ્ર દર્શન

- ✱ ઘોઘા તીર્થ
- ✱ તળાજા તીર્થ
- ✱ ગોપનાથ તીર્થ
- ✱ મહુવા તીર્થ
- ✱ મહુવા બીચ
- ✱ રોહીશાળા તીર્થ
- ✱ પાલીતાણા ડેમ



### જૂનાગઢ દર્શન

- ✱ અજાહરા તીર્થ
- ✱ સોમનાથ મંદિર / દરિયા કિનારો
- ✱ દેવળીયા પાર્ક - સિંહ દર્શન
- ✱ જુનાગઢ સિટીના જોવા લાયક સ્થળો
- ✱ વંથલી તીર્થ
- ✱ જુનાગઢ ગિરનાર યાત્રા





માનદ્ મંત્રીઓ

શ્રી અતુલ જગશી શેઠિયા, શ્રી અશોક વેલજી ગોગરી,
શ્રી ચંદ્રેશ લક્ષ્મીચંદ છેડા, શ્રી સંજય હરખચંદ દેઢિયા

RINKAL GALA : 9870834031

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ || || શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મહાવીર સ્વામિને નમઃ || || શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમો નમઃ ||

|| શ્રી આર્ય-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવી-વીર-મહોદયસૂરિભ્યો નમઃ ||

# શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

shantijin
प्रसन्नता...सर्वदा



દ્વારા આયોજિત

# વીર પાર્શ્વ ભદ્રેશ્વર મહોદય હેમ-વિમલા શાંતિજિન-આત્માનંદી અઠ્ઠમ તપ

દિવ્ય કૃપા : રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.,
દિવ્ય કૃપા : તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
આજ્ઞા આશિષ : સાહિત્ય સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
પાવન નિશ્રા પ્રદાન : આગમદિવાકર, પ્રશમરસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા

**૧૦૮ પાર્શ્વનાથમાં જેમનું નામ છે. કચ્છના ગૌરવ સમું ઐતિહાસિક ભદ્રેશ્વર ધામ છે, જ્યાં વીર પ્રભુજીએ સ્પર્શના કરી છે.**
એવી પાવન ધરા પર એવા અતિ પ્રાચીન શ્રી કપિલ કેવલી દ્વારા પ્રતિષ્ઠિત શ્રી ભદ્રેશ્વર મધ્યે
શ્રી પાર્શ્વ પ્રભુ, શ્રી મહાવીર સ્વામી દાદા અને આગમ દિવાકર ગુરૂના પાવન સાનિધ્યમાં અઠ્ઠમ તપ કરવાની અણમોલ તક આવી છે.
**તેથી પ્રભુ ભક્તો, તપસ્વીઓ, આરાધકો સર્વેને ભદ્રેશ્વર તીર્થે અઠ્ઠમ તપ કરવા પધારવા ભાવભર્યું આમંત્રણમ્ છે.**

પોષ વદ ૪,
મંગળવાર,
તા. ૬-૧-૨૦૨૬
મુંબઈથી પ્રયાણ

પોષ વદ ૫,
બુધવાર, તા. ૭-૧-૨૦૨૬
શ્રી ભદ્રેશ્વર તીર્થ આગમન,
નવકારશી, સેવા-પૂજા, અત્તર પારણા,
ભદ્રેશ્વર વસઈ તીર્થ

ત્રિદિવસીય અઠ્ઠમતપ પ્રારંભ
પોષ વદ છઠ્ઠ/સાતમ/આઠમ,
ગુરૂવાર/શુક્રવાર/શનિવાર,
તા. ૮/૯/૧૦-૧-૨૦૨૬

**તપસ્વી પારણા/પ્રયાણ : પોષ વદ ૯, રવિવાર, તા. ૧૧-૧-૨૦૨૬**
ત્રણે દિવસ સંગીતમય વિવિધ અનુષ્ઠાનો રાત્રી ભાવના રહેશે.

**અઠ્ઠમ તપના ભાગ્યશાળી પરિવાર :**

## માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પદમશી લોડાયા (પીર) (સુથરી-મુલુંડ)
## માતુશ્રી વિમળાબેન ઠાકરશી લાલજી લોડાયા/પટેલ (સાંધવ-મુલુંડ)

મુંબઈથી આવનાર તપસ્વીઓને આવવા-જવાનું (રીર્ટન) ભાડું અને
ગાંધીધામથી ભદ્રેશ્વર (રીર્ટન) ભાડું ટીકીટ બતાવી ભદ્રેશ્વરમાં રૂા. ૧,૨૦૦/- આપવામાં આવશે.
કચ્છથી પધારશે એમને બસ ભાડું આપવામાં આવશે. AC ના ટીકીટના રૂપિયા આપવામાં આવશે નહીં.

ભદ્રેશ્વર (વસઈ) જૈન તીર્થ, તા. મુન્દ્રા, પીન-૩૭૦૪૧૦
જે ભાગ્યશાળી ભદ્રેશ્વર તીર્થે અઠ્ઠમ કરશે
એને જ ડીપોઝીટ રીફંડ મળશે.

**પુચ્છપરછ માટે સંપર્ક**
ગોવિંદજી પટેલ (લોડાયા) - 98205 40949
કિરણ દંડ - 98338 08244
ચેતન ખોના - 63522 23871
રાજાભાઈ - 93209 01453

QR Code for Registration form

આરાધકોએ નીચે આપેલ ફોર્મ સાથે રૂા. ૫૦૦/- ડિપોઝીટ ભરવાના રહેશે.
ગુગલ પે નંબર ઉપર જમા કરશોજી.
હીતેશ લોડાયા - 80801 01600 ફોર્મ સ્કેનર ઉપર ભરવાનું રહેશે.

લિ. શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

(CLNMC-13094)

તપસ્વીનું નામ : ................................................................ ઉંમર : ......
ગામ : ............................ હાલ : ........................ મોબાઈલ નં. : ............................

BINITA S. MARU - 9869034162

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધા વંદના...



## હવે તો ફક્ત સંસ્મરણો ભીના..

કર્મ જેમણે કર્તવ્ય ગણ્યુ,
પરિવાર જેમને પ્રિય હતો,
હાસ્ય જેમનું ઘરેણું હતુ,
મિલનસાર સ્વભાવ જેમની મૂડી હતી,
જિંદાદિલી જેમની જાગીર હતી,
ધર્મ જેમનો મર્મ હતો,
પરોપકાર જેમનો પમરાટ હતો...
કેટકેટલાય ગુણો સદ્‌ગુણો
સંસ્કારોના ભંડાર સમા હતા
શ્રી દેવજીભાઇ એ
સ્નેહ, સમજદારી અને સમપર્ણના સંયોજનથી
અમારા પરિવારને દીપાવ્યું છે
આવા દિવ્ય આત્માને પરમાત્મા
પરમ શાંતિ અર્પે એવી અમ
સમસ્ત પરિવારની પ્રાર્થના....

# શ્રી દેવજીભાઇ હીરજી ગોસર ગાલા

**(મકડા–માટુંગા) • દેહવિલય : તા. ૨૦-૧૦-૨૦૨૪**

(CLC-13093)

## જીવનસંગીની : લીલબાઈ દેવજી હીરજી ગાલા

**: પુત્ર-પુત્રવધુ :**
રીટા અરવિંદ દેવજી ગાલા
સીમા ભાવેશ દેવજી ગાલા

**: પૌત્રી જમાઈ :**
રિધ્ધી ઋષભ પ્રકાશ સાવલા
(નાની તુંબડી)

**: પૌત્ર-પૌત્રી :**
હિત ભાવેશ દેવજી ગાલા (કેનેડા)
મેહેક ભાવેશ દેવજી ગાલા

**: પુત્રી-જમાઈ :**
લક્ષ્મી મુલચંદ નાનજી દેઢિયા (ગઢશીશા)
કુસુમ કાન્તિ કેશવજી શાહ (ગઢશીશા)
ચંદ્રિકા કિર્તી (કમલેશ) રતનશી નાગડા (મોથારા)

**: દોહિત્ર-દોહિત્રવધુ :**
શ્વેતા ધીરેન મુલચંદ દેઢિયા
જીજ્ઞા હીતેન મુલચંદ દેઢિયા
તન્વી મનન શાહ

**: દોહિત્રી-જમાઈ :**
નેહલ રશ્મિ જયંતીભાઈ શાહનંદ (કુમરા)
ડો. મૌની ડો.સાગર નાગડા/ભાલકે (નાંદેડ)

**દોહિત્ર :** અક્ષત કાન્તિ શાહ (ગઢશીશા)

**પરદોહિત્ર-પરદોહિત્રી :** સાહિલ–ફિઓના ધીરેન, માહિર–માયરા હિતેન, ક્રિશ – યુતિ રશ્મિ

**માતુશ્રી પાલઈબાઈ હીરજી ગોસર ગાલા પરિવાર (મકડા)**
**માતુશ્રી રતનબેન પાસુભાઈ માલશી પાસડ પરિવાર (કોટડા રોહા)**

BINITA S. MARU - 9869034162

|| શ્રી ગણેશાય નમ : ||          || શ્રી હનુમંતેય નમ : ||

# શ્રી ભોજાય ગામે નમતા નાગડા ભાવિકજનો...

સર્વ ભાવિકજનો તથા નિયાણી બહેનોને **સાલ મુબારક** **નુતન વર્ષાભિનંદન**



## ૩૬મી સમૂહ પહેડી-નૂતન દેવાલયની સપ્તમી ધ્વજારોહણ મહોત્સવ
### તથા શ્રી કુળદેવતા ખેતરપાળ દાદાનું પૂજન-અભિષેક

હે માતા તુ બડી દયાલુ રક્ષા કરે સબકી    હે દાદા તુ બડો ખ્યાલુ રહે સબકે સાથ

આવા કુળદેવતા શ્રી ખેતરપાળ દાદા અને કુળદેવી શ્રી અંબે માતાજીના જ્યાં બેસણા છે ત્યાં...
પધારો કારતક સુદ પુનમ, તા.૫.૧૧.૨૫ ના નૂતન દેવાલયની સપ્તમી વર્ષગાંઠ અને ધ્વજારોહણ પ્રસંગે...
આ ધન્ય પળોને હૃદયમાં રાખવા દેવોના ચરણમાં ઉજવવા... સહભાગી થવા...
સૌ ભાવિકજનો અને નિયાણી બહેનો સહકુટુંબ ધર્મસ્થલ ભોજાય નગરે પધારો.

**શુભ દિન :**

**કા. સુદ ચૌદસ, તા. ૪.૧૧.૨૫, મંગળવાર**

**'શ્રી ક્ષેત્રપાલ દાદા નિ ષોડ્ઙશોપચાર પુજા'**

**દેવોનું અભિષેક – દેવોની આરતી**

- સવારના ૭.00 વાગે શુભ મુર્હુતે વૈદિક પરંપરા અનુસાર **પૂજન-અનુષ્ઠાન**
- સવારના ૮.30 વાગે મંત્રોચાર સાથે વિવિધ દ્રવ્ય દ્વારા **અભિષેક**

સર્વ ભક્તજનો, ભાવિકો, નિયાણી બહેનો હૃદયમાં ભક્તિ ભાવપૂર્વક,
શ્રી કુળદેવતાની સ્તુતી કરતાં, નિવેદન કરતાં,
ઉચ્ચા ભાવે હર્ષોલ્લાસપૂર્વક શુભ મનોકામના થી સર્વનો શુભ થાય
એવી ભાવના ભાવતા અભિષેક કરશો...પધારો...આ અવસર ન ચુકતાં

**મીતી યોજના** સર્વ ભાવિકજનોને વિનંતી સાથે જણાવવાનું કે
આ વર્ષે આપણી મીતી યોજનામાં **૫૧** મીતી લેવામાં આવશે.
**એક મીતીના રૂા. ૧૧,000 રાખવામાં આવેલ છે.**
આખા વર્ષ દરમ્યાન **અખંડ જ્યોત, ધુપ, અગરબતી, સુદ બીજની પહેડી,**
**પુનમની પહેડી, નવરાત્રી અને દેવાલયને લગતા ખર્ચ માટે**
વાપરવામાં આવશે. ભાવિકજન ભાવથી અનુદાન લખાવશો.

**સંપર્ક :**
**શ્રી વાલજી ભીમશી** -98331 10744
**શ્રી લક્ષ્મીચંદ લાલજી**-86572 46829
**શ્રી જગદીશ લાલજી** -98200 13559

(CLC-13101)

**મંગલમય કાર્યક્રમ :**



**તા.૦૪.૧૧.૨૫**
- સવારે ૭.00 વાગે : 'શ્રી ક્ષેત્રપાલ દાદા નિ ષોડ્ઙશોપચાર પુજા'
- સવારે ૮.30 વાગે : **અભિષેક**
- બપોરે ૧૨.00 વાગે : અભિષેકની પૂર્ણાહુતિ
- સાંજના ૮.00 વાગે : આરતી
- રાત્રે : ૮.૪૫ વાગે : ભક્તિ ગીત, રાસ-ગરબા-બહુમાન

**તા.૦૫.૧૧.૨૫**
- સવારે ૮.૪૫ વાગે : નાગડા ભવનથી શોભાયાત્રા
- સવારે ૯.૧૫ વાગે : દેવાલયમાં પોખવાનું
- સવારે ૯.૪૫ વાગે : પ.પૂ. દેવોને વસ્ત્રો, ચંદ્રુવા, પોઠીયા અર્પણ
- સવારે ૧૦.૧૫ વાગે : **ધ્વજારોહણ શુભમુર્હુતે**
- સવારે ૧૧.00 વાગે : આરતી
- સવારે ૧૨.00 વાગે : થાળ
- બપોરે ૧૨.30 વાગે : મહાપ્રસાદ
- સાંજે ૮.૧૫ વાગે : આરતી

- ક્ષેત્રપાલ પૂજનના આચાર્ય : શ્રી કાનજીભાઈ હરીરામ જોષી -મોટી ઉનડોઠ
- ઉપ આચાર્ય : શ્રી સુમિત કાનજીભાઈ (M.A. કાશી) -મોટી ઉનડોઠ
- ભક્તિ ગીત : નીતા નાગડા અને સાથી કલાકારો

**નોંધ :** ભોજાય ગામે સ્થાનિકે દેવાલય સંધ્યા આરતી થયા બાદ રાત્રે ૮.30 વાગે શ્રી દેવાલય માંગલિક થશે. ત્યારબાદ દર્શન-વંદન નહીં થાય તેની ભાવિકજનોએ નોંધ લેવા વિનંતી.

**૩૭ મી સમૂહ પહેડીના દાતા આવકાર્ય છે.**

**૩૬ મી મુંબઈ ની સમૂહ પહેડી : તા.૨૧.૧૨.૨૦૨૫, રવિવાર**
સ્થળ : શ્રી કચ્છી વિશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજનવાડી, ચિંચબંદર,
શ્રીમતી અમૃતબેન મોનજી સભાગૃહ, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
મુંબઈ.

**લિ. નાગડા ભાવિક સંઘ ટ્રસ્ટ - ભોજાય વતી જગદીશ લાલજી નાગડા**

RUJUTA AD./ 98213 30432

|| શ્રી ગોડીચા પાર્શ્વનાથાય નમઃ || || શ્રી કેસરિયા આદિનાથાય નમઃ || || શ્રી સુમતિનાથાય નમઃ ||

શ્રી આર્ય-કલ્યાણ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવિ-વીર-મહોદય-સૂરીવર્યોના મંગલમય આર્શીવાદ

# શ્રી કચ્છ ગોધરા વીસા ઓસવાલ જૈન મહાજન



જમ્બુદ્વિપે... ભરતક્ષેત્રે... ભારતવર્ષે... કચ્છ દેશે...

## શ્રી ગોધરા નગરે

દેવાધિદેવ શ્રી કેસરિયાજી આદિનાથ દાદાનાં સાનિધ્યે

શ્રી કચ્છ ગોધરા વીસા ઓસવાલ જૈન મહાજન ના આંગણે

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના
આજ્ઞાવર્તિની, યોગનિષ્ઠા પ.પૂ. ગુણોદયશ્રીજી મ.સા. તથા
વર્ધમાન તપોનિધિ પ.પૂ. કલ્યાણોદયશ્રીજી મ.સા.ના શિષ્યા,
પરમશાસન પ્રભાવિકા, સરળ સ્વભાવી, માતૃહૃદયા વિદુષી

**પ.પૂ.જયપદ્મગુણાશ્રીજી મ.સા.**
**આદિ ઠાણા - ૪ ની શુભંકારી નિશ્રામાં**



**આજ્ઞા-આશિષ :**
સાહિત્ય દિવાકર, સંઘ કૌશલ્યાધાર
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**પાવનકારી નિશ્રા :**
પરમ શાસનપ્રભાવિકા, સરળ સ્વભાવી
પ.પૂ. જયપદ્મગુણાશ્રીજી મ.સા.
આદિ ઠાણા ૪

યોગનિષ્ઠા પ. પૂ. ગુણોદયશ્રીજી મ.સા.ના જન્મ શતાબ્દિ વર્ષ સહ ૫૦મી પુણ્યતિથી નિમિત્તે....

# ગોધરા ચૈતન્ય ચાતુર્માસ પૂર્ણાહૂતિ ત્રિહાન્હિકા મહોત્સવ

કારતક સુદ ૪, શુક્રવાર, તા. 24-10-2025 થી કારતક સુદ ૬, રવિવાર, તા. 26-10-2025

### 1st Day
કારતક સુદ ૪, શુક્રવાર
**24-10-2025**

સવારે ૯.00 કલાકે
**કુંભ સ્થાપના, દીપક સ્થાપના, નવગ્રહ પાટલા પૂજન, દસ-દિક્પાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન**

રાત્રે ૮:30 કલાકે
**શ્રી નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન**

### 2nd Day
કારતક સુદ ૫, શનિવાર
**25-10-2025**

સવારે ૮:30 કલાકે
**શ્રી જ્ઞાન પૂજન અને જ્ઞાનના ખમાસમણા**

બપોરે ૨.00 કલાકે
**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પૂજન**

રાત્રે ૮:30 કલાકે
**કચ્છી સામાજિક નાટક** ટીમ વાગડ નિર્મિત
**'છોરા પેણાયો, સાવધાન !!!'**
દિગ્દર્શક - વિજય ગાલા અને રિષભ છેડા

### 3rd Day
કારતક સુદ ૬, રવિવાર
**26-10-2025**

સવારે ૯.00 કલાકે
લઘુશાંતિ ધારા સાથે
**વર્ધમાન શક્રસ્તવ મહા અભિષેક**
અને લઘુશાંતિ સ્નાત્ર પૂજન

સાંજે ૪:00 કલાકે
**સન્માન બહુમાન વિધિ**

પૂજનના યુવા વિધિકાર : ડૉ. શ્રી હર્ષ દેઢિયા (તલવાણા) ના સથવારે

**સમસ્ત ગોધરાવાસીઓ, નિયાણી બહેનો તથા સર્વે સાધર્મિક બંધુઓને ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પૂર્ણાહૂતિ મહોત્સવે પધારવા ભાવભર્યું આમંત્રણ.**

દર્શનાભિલાષી : **શ્રી કચ્છ ગોધરા વીસા ઓસવાલ જૈન મહાજન** એવમ્ મા પરિવાર

(CLB-13092)

BINITA S. MARU - 9869034162



|| બિદડા તીર્થપતિ શ્રી આદીશ્વર સ્વામીને નમઃ ||
શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન
સંચાલિત
શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા
દિવાળી પર્વ અને નવા વર્ષની
કરૂણાભીની શુભેચ્છા
સર્વ જીવદયાપ્રેમી જોગ,
દિવાળીનો પર્વ તમારા જીવનમાં સદાય પ્રકાશ પાથરે,
સર્વે જીવો પ્રત્યે પ્રેમ અને લાગણીની સંવેદનાઓ
ઉછળતી રહે તેમજ નુતન વર્ષ
તમારા માટે સુખ–સમૃદ્ધિ–સાતા અને આત્મીક ગુણોનું સંવર્ધન થાય એજ
ગૌમાતા વતીથી શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા ની હાર્દિક શુભેચ્છાઓ.
(*1203)
લી. પ્રમુખ શ્રી શાંતિલાલ હરશી દેઢિયા (99670 00661) તથા સર્વે ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો તેમજ સ્ટાફ
RUJUTA AD.:-98213 30432

# કચ્છના શ્રી સંઘો-મહાજનો-ટ્રસ્ટોના પદાધિકારીઓ જોગ...

## કચ્છમાં નવું કન્સ્ટ્રકશન / રીપેરીંગ / વોટર પ્રુફીંગ / રીનોવેશન

ઘર, બંગલો, ઉપાશ્રય, સ્થાનક, મહાજનવાડી,
ભોજનાલય, સેનેટોરીયમ, આવાસ યોજના






નાની ખાખર જિનાલયનું સંપૂર્ણ રીપેન્ટીંગ



## કચ્છમાં

નક્શો બનાવવા, ડિઝાઈનીંગ કરાવવા
3D એલીવેશન, સિવીલ વર્ક,
RCC ડીઝાઈનીંગ,
વાસ્તુશાસ્ત્ર સાથે બંગલો,
આવાસ યોજના, સેનેટોરિયમ,
ઉપાશ્રય વગેરે માટે સંપર્ક

વડાલા આવાસ યોજનાનું કામ પૂર્ણતાના આરે



CHHEDA BROTHERS

ભાવ અને ક્વોલીટીમાં સંતોષ આપવાની જવાબદારી અમારી.

# છેડા બ્રધર્સ

ભુમિત મહેન્દ્ર છેડા : 98690 69971
મહેન્દ્ર મુલચંદ છેડા (મોટી રાયણ)
ઓફિસ : આશિર્વાદ પેલેસ, માંડવી જૈન આશ્રમ સામે, માંડવી–ભુજ, હાઈવે રોડ, માંડવી.
ઈમેલ : chhedabrothers03@gmail.com

BINITA S. MARU - 9869034162

(CLC-13095)

## ધી મુંબઈ ગ્રેન ડીલર્સ એન્ડ વર્કર્સ વેલફેર સોસાયટી

ગ્રેન ડીલર્સ બિલ્ડીંગ, પહેલે માળે, ૧૦૩, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ–૯.
ઓફીસ સમય : સવારે ૧૧ થી સાંજે ૭ મો.નં. ૦૮૧૦૪૭૦૦૭૩૫

### સંસ્થાના કારોબારી સમિતીના સભ્યોની ચૂંટણી નો અહેવાલ

તાઃ ૧૧-૧૧-૨૫ થી તાઃ૩૧-૩-૨૯ સુધીની મુદ્દત માટે સંસ્થાની કારોબારી કમિટી ના વીસ (૨૦) સભ્યો ની ચૂંટણી તાઃ ૬-૧૦-૨૫ ના જાહેર કરવામાં આવેલ. તે મુજબ, તાઃ ૮–૧૦–૨૫ થી તાઃ ૧૫–૧૦–૨૫ દરમ્યાન ઈચ્છુક ઉમેદવારોને ઉમેદવારી–પત્રકો આપવામાં આવ્યા હતા. તાઃ ૧૫–૧૦–૨૫ના રોજ ઉમેદવારી પત્રકો ભરીને આપવાના છેલ્લા દિવસે સાંજે ૬ વાગ્યા સુધી, કારોબારી સભ્યપદ માટે પચ્ચીસ (૨૫) ઉમેદવારી–પત્રક મળ્યા હતા. ઉમેદવારી–પત્રકોની ની ચકાસણી કર્યા બાદ બધા જ ઉમેદવારીપત્રક માન્ય ગણવામાં આવેલ. ત્યારબાદ, તાઃ ૧૮–૧૦–૨૫ ના બપોરના ૩ વાગ્યા સુધી ઉમેદવારી પાછી ખેંચવાના નિયત સમય દરમ્યાન પાંચ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી.

આમ, ૨૦ પદો માટે એટલા જ ઉમેદવારો બાકી રહેતાં નીચે મુજબના ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) અનિલ લાલજી કુંવરજી શાહ(સોની) | (૧૧) કિર્તીકુમાર વસનજી ભારમલ ગાલા |
| (૨) ભરત લાલજી વેલજી વિસરીયા | (૧૨) મિલન ડુંગરશી સોજુભાઈ મોતા |
| (3) ધનરાજ પોપટલાલ મોનજી સંગોઈ | (૧૩) મોનીલ સુરેશ જીવરાજ ગોગરી |
| (૪) દિનેશ જીવરાજ મુરજી ગોગરી | (૧૪) નિલેશ કુંવરજી ઠાકરશી છેડા |
| (૫) હેરીલ હરીશ પ્રેમચંદ મોતા | (૧૫) પરેશ ખીમજી પદમશી ગડા |
| (૬) જાદવજી પુંજાભાઈ આણંદ ગલીયા | (૧૬) પિયુષ તલકશી વશનજી ધરોડ |
| (૭) જયંત સુરજી મુરજી મારૂ | (૧૭) પ્રદિપ શામજી ખિયશી દેઢીયા |
| (૮) જયંતીલાલ મેઘજી કરમશી શાહ | (૧૮) રાજેશ દામજી કરમશી મોતા |
| (૯) જયેશ પ્રેમજી રવજી ગડા | (૧૯) રશ્મિકાંત હીરજી કરમશી ભેદા |
| (૧૦) જેઠાલાલ(નવીન) સુંદરજી જીવરાજ મારૂ | (૨૦) શૈલેષ લક્ષ્મીચંદ પાંચારીયા મોતા |

ચૂંટણી નિયમો મુજબ તાઃ૧૯-૧૦-૨૦૨૫ થી નવા ચૂંટાયેલા કારોબારી સભ્યો નો કાર્યકાળ શરૂ થશે.

ચૂંટણી કાર્યક્રમ દરમ્યાન મદદની સંમતી આપનાર C.A. દિલિપ ગોસર અને C.A. સંજય છેડા નો વિશેષ આભાર. સર્વે મેમ્બરો, ઉમેદવારો અને સંસ્થાના સ્ટાફ સભ્યોના સાથ – સહકારથી મારું કામ સરળ બન્યુ તે બદ્દલ સર્વેનો આભાર અને સહર્ષ અભિનંદન.

(CLB-13096)

લી. C.A. શાંતીલાલ કુંવરજી રાંભીયા – ચૂંટણી અધિકારી

KHABAR PATRIKA : 8104209392

## મુલુંડ-શેરડી કિટ્ટી ગ્રુપના આત્મીય સ્નેહી હેમલતાબેન ને

### સ્નેહભરી સ્નેહાંજલી.



### હેમલતાબેન દિનેશ કાનજી હરિયા

દેહવિલય : તા.૧૮/૧૦/૨૦૨૫

ગામ શેરડી — હાલે મુલુંડ

સજ્જનતા જેમની સુવાસ હતી,
સાદગી જેમનો વૈભવ હતો,
પરોપકાર જેમનો પરિચય હતો
વિનમ્રતા જેમનો વ્યવહાર હતો

સ્નેહના સાગર સમું જેમનું હૃદય વિશાળ,
મન શાંત, મુખપર સદાય સ્મિતનો શણગાર,
કિટ્ટી ગ્રુપના સૌ બહેનો સાથે મીઠો રણકાર,
નાના–મોટા સહુના માટે આદર અને આવકાર,
એવા અમારા કિટ્ટી ગ્રુપના લાગણીશીલ
હેમલતાબેનને ભાવથી ભાવાંજલી.

આપનો આત્મા પરમસુખ શાંતિ પામે એજ પરમાત્માને પ્રાર્થના.

(CLC-13090)

લિ. મુલુંડ શેરડી કિટ્ટી ગ્રુપ

YOU TURN
an awareness
STOP • THINK • TURN • ACT

# JYF જૈન યુથ ફોરમ

Off C/o: V Ply, Diamond Mansion, Worli, Mumbai - 18. Mob: 9820288265

www.jainyouthforum.org
/JYF.JainYouthForum
/JYF.JainYouthForum

... સ્વકલ્યાણ થી સર્વકલ્યાણ




## ચક્ષુન્દ્રિય

### ચક્ષુન્દ્રિય એટલે આંખ, નયન

**સૂત્ર પાઠે જેનું નામ 'ચરચરી' છે, જે જોવાનું કામ કરે છે. ચાર અને પાંચ ઈન્દ્રિયવાળા જીવો આ ઈન્દ્રિયને પામે છે.**

**રાજા મણીરથે પોતાના ભાઈ જુગબાહુની પત્ની મયણરેહાના રૂપને જોતા મોહિત થઈ ગયા.** મયણરેહાને પામવા ઘણા પ્રયત્નો કરવા લાગ્યા, પણ **ભાઈની હાજરી આડખીલી રૂપ** લાગતા સગાભાઈના **પ્રાણ લેતા પણ અચકાયા નહીં.** પણ **દુષ્કૃત્યોના ફળ અવશ્ય** મળે છે. એ ન્યાયે **તેમનું પણ સર્પદંશથી મૃત્યુ થયું** અને મરીને દુર્ગતિને પામ્યા.

**દર્શાણભદ્ર રાજા પ્રભુદર્શન અર્થે રાજાશાહી ઠાઠમાઠથી નીકળ્યા** અને **અંતરમાં અહંકાર** ના ભાવો હતા. મારા જેવી કોની સવારી હોય ? **શકેન્દ્રે આ ભાવો અવધિજ્ઞાનમાં જાણી લીધા** અને રાજાના **અહંકારને ઓગાળવા** શકેન્દ્રે **પોતાની સવારી** તૈયાર કરી. **દેવમાયા પાસે માનવનું શું ગજુ ?** શકેન્દ્રની **સવારી જોતા રાજાને** પોતાની **ભૂલ સમજાઈ** અને તરત જ **પંચમૃષ્ટિ લોંચ** કરી **સંયમ અંગીકાર** કર્યો અને **આત્મકલ્યાણના માર્ગે પ્રયાણ કર્યુ.**

## દિવાળી

આંખથી આખુ જગત દેખાય,
આંખના પલકારામાં દ્રશ્ય
બદલાઈ જાય....
શું જોવું આપણા હાથમાં,
પાછળ શું પસ્તાય !
દેવ-ગુરૂના દર્શન કરી લે,
તો સાર્થકતા થાય....



### ૧૫ મિનિટ માટે કરીએ ચિંતન મનન


- આમ તો કાળો કલર ખૂબ ગમે....
  પણ ચામડીનો રંગ કાળો હોય તો ગમે ?
- સફેદ રંગ હમેંશા ફેશનમાં હોય....
  પણ વાળ સફેદ ગમે ?
- મોબાઈલમાં આખો દિવસ સમય વ્યતીત કરનારા....
  ધર્મ માટે કેટલો સમય ફાળવી શકે છે ?
- મોલમાં વિન્ડો શોપીંગ માટે સમય નષ્ટ કરનારા....
  ગુરૂ સમીપે કેટલો સમય આપે છે ?
- જોયા વગર શાકભાજી સમારતા....
  જીવહિંસા તો નથી થતી ને ?

– શાંત પળોમાં વિચારજો

"નમ્રતાથી જાય નમી, વરસાવે કરુણાના અમી,
એજ આંખો સૌને ગમી."

(CLBL-13088)

## પરહિતનું ચિંતન



LIFE
Never
Shows
the whole
Picture.
Perfection
is an
illusion.

સમતા રાખો — એકબીજાને ગમતાં રહીએ — લિ. JYF

Printed and Published by : Shri Kutchi Visa Oswal Jain Mahajan (The Owner) : 226/232, Narshi Natha Street, Bhatbazar, Mumbai - 400009.
Printed at Dangat Media Pvt. Ltd : Office : 22, Dighe MIDC, Navi Mumbai - 400708.